ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
મંગળવાર ૬ જાન્યુઆરી, ૨૦૨૬

# આસપાસ ચોપાસ

આસપાસનાં પ્રદેશની સિધ્ધિ અને સમસ્યાની વાત...!



## વિકાસ માટે સજધજતું ગામ

# ધનાવશી

## મહીકાંઠા પર 1100 વર્ષ અગાઉ ધનાભાઈના નિવાસથી જાણીતું બનેલું ગામ હાલમાં ધનાવશી નામથી પ્રચલિત બન્યું છે

આણંદ જિલ્લામાં બોરસદ તાલુકાનુ ધનાવશી ગામ ઉ. અ. 22 20' અને પૂ રે. 72 56' ઉપર આવેલું છે. ધનાવશી ગામ નજીકના આંકલાવ રેલ્વેસ્ટેશનથી ત્રણેક માઈલ દૂર આવેલું છે. જીલ્લા મથક આણંદથી 48 કિલોમીટર અને તાલુકા મથક બોરસદથી 18 કિલોમીટરના અંતરે આવેલું છે. મહીસાગર કાંઠાગાળાનું આ એક મહત્ત્વનું ગામ ગણાય છે. લોકચર્ચા દરમિયાન જાણવા મળ્યા મુજબ ધનાવશી ગામ લગભગ 1100 વર્ષ જૂનું હોવાનું મનાય છે.

ગામના વસવાટ અંગે પ્રવર્તતી માન્યતા પ્રમાણે મહીકાંઠા પર વસેલું ગામ ધનાભાઈ અને તેમના ત્રણ ભાઈઓના પરિવાર સાથે સ્થાયી થયેલો હતો. તત્કાલીન સમયથી આ ગામ ધનાભાઇના નિવાસી પર અપભ્રંશ થઈને ધનાવશી નામે પ્રચલિત બન્યું છે. કહેવાય છે કે અગાઉ મહીકાંઠા પંથકમાં તે ઘણી જાહોજલાલીવાળું મોટું બંદર હતું, જેનું નામ પણ ધનાબંદર હતું જોકે કાળક્રમે મહીકાંઠાનુ વહેણ બદલાતાં બંદર નામશેષ થઈ ગયું છે. ધનાબંદર વિસ્તારમાં વસવાટ કરતા લોકોને મુળ વસવાટની જગ્યા મહીકાંઠાને બદલે હાલના જગ્યાએ જ્યાં ગ્રામજનોએ રહે છે ત્યાં કાયમી વસવાટ કર્યો છે.

ગામની હાલની ભૌગોલિક સ્થિતિ મુજબ ગામમાં પંદર જેટલા નાના મોટા શેરી ફળીયામાં કાચા પાકા મકાનો બનાવીને રહેણાંક વિસ્તાર બનાવેલ છે. ગામમાં હાલમાં મુખ્યત્વે પઢીયાર સમાજના લોકોની બહુમતી છે. સાથે સાથે અન્ય સમાજના લોકો પણ વસવાટ કરે છે. જેમાં સોલંકી, મકવાણા, વાઘેલા, પરમાર, પટેલ, વાળંદ, રાવળ અને વાલ્મિકી સમાજના લોકો પણ વસવાટ કરે છે.

ગામમાં હાલમાં નાગરિકોની સંખ્યા 650 પુરુષ 535 સ્ત્રી આમ કુલ 1185 જનસંખ્યા છે. ધનાવશી ગામનું ગૌચર પણ નહીંવત પ્રમાણમાં છે. ધનાવશી ગામમાં કોઈ મોટું બજાર નથી પરંતુ જીવન જરૂરીયાતની ચીજવસ્તુઓ સરળતાથી મળી રહે તેવા છુટાછવાયા નાના મોટા ધંધાર્થીઓ દુકાનો દ્વારા વેચાણ કરે છે. જોકે ગામમાં સરકારના અન્ન નાગરિક પુરવઠા નિગમ હેઠળ દીન દયાળ ગ્રાહક ભંડાર નું સંચાલન ગામના નાગરિક માધવસિંહ પઢીયાર દ્વારા કરવામાં આવે છે. દર મહિને જરૂરીયાતમંદ પરિવારોને સરકારી ધારાધોરણ મુજબ અનાજ વિતરણ કરવામાં આવે છે.

**મહીકાંઠા પંથકમાં ઘણી જાહોજલાલીવાળું બંદર હતું, જેનું નામ પણ ધનાબંદર હતું જોકે કાળક્રમે મહીનદીનુવહેણબદલાતાં બંદર નામશેષ થઈ ગયું છે**




આણંદ લોકસભા વિસ્તાર અને બોરસદ વિધાનસભા વિસ્તારોમાં સમાવેશ થયેલા ગામની તાલુકા પંચાયત બેઠક ખેડાસા છે. ખેડાસા બેઠકના તાલુકા પંચાયત સદસ્ય ધર્મદેવસિહ ડાભીને બોરસદ તાલુકા પંચાયતનું પ્રમુખપદ સોંપવામાં આવેલું છે. છેલ્લા ત્રણેક વર્ષથી ધનાવશી ગામમાં સરકારી યોજનાઓના અમલીકરણ થકી વિકાસ કાર્યો હાથ ધરવામાં આવી રહ્યા છે. ગામમાં હાલમાં અવરજવર માટે સામાન્ય વાહનવ્યવહાર ઉપલબ્ધ છે પરંતુ બસ રૂટ નહીંવત પ્રમાણમાં છે. જેથી સરકારી બસ રૂટનો અભાવ વર્તાય છે.

## પવિત્ર પૌરાણિક દેવ સ્થાનક ધનાદેવ મૂર્તિઓના પૂજા દર્શન માટે દર રવિવારે ધનાવશીના ગ્રામજનોમાં મહીં નદીમાં સ્નાનનો અનેરો મહિમા છે

મહીકાંઠા પર વિસ્તરેલું ધનાવશી ગામ સાથે મહીં નદીમાં સ્નાન કરવાની અનેરી પરંપરા જોડાયેલી છે.ધનાવશી ગામમાં વસવાટ કરતા મોટાભાગના લોકો દર રવિવારે મહીં નદીમાં સ્નાનનો લાભ મેળવવા મહીકાંઠા પર આવે છે. નદીકાંઠે આવવા માટે હાલમાં કોઇ આરસીસી કે પાકો રોડ નથી. છતાં પણ ધનાવશી ગામના લોકો પોતાના આસ્થા સ્થાનક ધનાદેવ મૂર્તિઓના પૂજા દર્શન માટે અચુક પણે દર રવિવારે પહોંચી જાય છે. લોકોમાં પ્રવર્તી રહેલી માન્યતા મુજબ દર રવિવારે મહીં નદીમાં સ્નાન કરીને પવિત્ર અને પૌરાણિક સ્થાનક પર ધનાદેવની મૂર્તિઓની પૂજા દર્શન થકી ધન્યતા અનુભવે છે. હાલમાં નવા વસવાટ સ્થાનથી જુના સ્થાન પર પહોંચવા માટે રસ્તાની સુવિધાનો અભાવ હોવા છતાં પણ પોતાની અડગતાથી ધાર્મિક સ્થળ પર નિયમિત રીતે પહોંચીને ધનાદેવ મૂર્તિઓ સમક્ષ પોતાની મનોકામના પૂર્ણ થાય તે માટે શ્રદ્ધાપૂર્વક પૂજન અર્ચન કરે છે. ધનાવશી ગામના અગ્રણી અને ગ્રામ પંચાયત સદસ્ય મંગળભાઈ પઢીયારના જણાવ્યા મુજબ ધનાદેવ મૂર્તિઓની પૂજા દર્શન માટે આવતા શ્રદ્ધાળુઓ અને આસપાસના ખેડૂતોની અવરજવર માટે અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતનો હવાલો સંભાળતા કેબિનેટ મંત્રી અને બોરસદ ધારાસભ્ય રમણભાઈ સોલંકી દ્વારા આગામી સમયમાં નવો પાકો ડામર રોડ અને ગરનાળું બનાવવા માટે કામ મંજૂર કરાયું છે. ટુંક સમયમાં જ ગ્રાન્ટ ફાળવવામાં આવનાર છે. નવો રોડ અને ગરનાળાની સુવિધા ઉપલબ્ધ થતાં ધનાવશી ગામના લોકો તેમજ આસપાસના ગામોમાંથી આવતા લોકો માટે અવરજવર સરળ બનશે.

**નવા વસવાટ સ્થાનથી જુના સ્થાન પર પહોંચવા રસ્તાનો અભાવ છતાં નિયમિત રીતે પહોંચીને ધનાદેવ મૂર્તિઓ સમક્ષ મનોકામના પૂર્ણ થાય તે માટે શ્રદ્ધાપૂર્વક પૂજન અર્ચન કરે છે**



### ધનાવશી ટાઉન ટોક

#### -: ધનાવશી ગામનો પરિચય :-

| | |
|---|---|
| ગામના કુંટુંબોની કુલ સંખ્યા | 239 |
| કુલ વસ્તી | 1106 |
| કુલ પુરૂષો | 569 |
| કુલ સ્ત્રીઓ | 537 |

#### -: સાક્ષરતા દર :-

| | |
|---|---|
| કુલ સાક્ષરતા દર | 76.04 |
| પુરૂષ સાક્ષરતા દર | 91.62 |
| સ્ત્રી સાક્ષરતા દર | 58.97 |

#### -: ખેડૂતો :-

| | |
|---|---|
| ખેડૂતો | 17 |
| ખેત મજૂર | 478 |
| સીમાંત વર્ગ | 26 |

#### -: બીપીએલ :-

| | |
|---|---|
| બીપીએલ કુટુંબ (0 થી 16) | 105 |
| બીપીએલ કુટુંબ (17 થી 20) | 184 |

#### -: પશુધન :-

| | |
|---|---|
| પશુધન | 500 |
| ગાય | 37 |
| ભેંસ | 463 |
| અન્ય | 00 |

#### -: જમીન ક્ષેત્રફળ :-

312 હેક્ટર 76 આરે 29 ચો. મી.
ગૌચર 00 હેક્ટર 00 આરે 00 ચો.મી.

#### -: ખેતીપાક :-

1. ડાંગર
2. તમાકુ
3. બાજરી
4. વિવિધ શાકભાજી

#### -: શૈક્ષણિક સગવડ :-

| | |
|---|---|
| પ્રાથમિક શાળા | 01 |
| માધ્યમિક શાળા | 00 |
| ઉચ્ચ.માધ્ય. શાળા | 00 |
| વિદ્યાર્થીઓ | 173 |

#### -: આરોગ્ય સુવિધા :-

| | |
|---|---|
| પેટા આરોગ્ય કેન્દ્ર | 01 |

#### -: વીજળીકરણ :-

| | |
|---|---|
| રહેણાંક વીજ જોડાણ | 202 |
| ઔદ્યોગિક વિષયક જોડાણ | 05 |
| ખેતી વિષયક જોડાણ | 18 |

#### -: એલપીજી ગેસ વ્યવસ્થા :-

| | |
|---|---|
| એલપીજી ગેસ ધારકો | 35 |

#### -: સામાજિક સુરક્ષાની વિગતો :-

| | |
|---|---|
| NFSA કાર્ડ ધારકો | 176 |
| BPL કાર્ડ ધારકો | 118 |
| અંત્યોદય કાર્ડ ધારકો | 34 |

#### -: રસ્તાની સુવિધા :-

મેટલ રોડ, ડામર રોડ, અને સીમેન્ટ રોડ

#### -: યોજનાકીય લાભાર્થીઓ :-

| | |
|---|---|
| વૃદ્ધા પેન્શન | 20 |
| વિધવા સહાય | 04 |
| ઉજ્જવલા યોજનાના લાભાર્થી | 50 |